# બી.સી.એ.ના વિદ્યાર્થીઓની ઔદ્યોગિત મુલાકાત




બી. પી. કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, બી.સી.એ., એસ. વી ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીસ અને એસ કે પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેંટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીસ-બીસીએ ગાંધીનગર ખાતે ઇન્ડસ્ટ્રી-ઇન્સ્ટિટ્યૂટ ઇન્ટરએક્શન સેલ (IIIC) અને પ્લેસમેન્ટ સેલ દ્વારા BISAG-N ગાંધીનગર ખાતે ચાર દિવસીય ઉદ્યોગ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉદ્યોગ મુલાકાતમાં બી.સી.એ. સેમેસ્ટર-૫ના કુલ ૨૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને ચાર જૂથોમાં વિભાજિત કરી દરરોજ ૬૦ વિદ્યાર્થીઓને BISAG-Nની મુલાકાત કરાવવામાં આવી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને જિયોસ્પેશિયલ ટેક્નોલોજી, સેટેલાઇટ આધારિત એપ્લિકેશન્સ, રિમોટ સેન્સિંગ, ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ્સ, ડિજિટલ મેપિંગ તેમજ વિવિધ આધુનિક ટેક્નોલોજીના પ્રયોગો અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.